ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૩૫ ટકા ● સાંજે ૨૫ ટકા

# આજે પાલજમાં પરંપરાગત હોળી

**પાલજની હોળીમાં ધગધગતા અંગારા ભાવિકો માટે ફુલ બની જાય છે : વર્ષો જુની આ પરંપરા આજે પણ જીવીત છે : ભાવિકો અનોખી શ્રધ્ધા ભકિત સાથે ઉઘાડા પગે અંગારામાં ચાલીને બાધા માનતા પુરી કરે છે**



ગાંધીનગર, તા.૧૯

પ્રાચીન સમયથી જ હોળી પર્વનું ધાર્મિક મહત્વ છે જે આજે પણ શ્રધ્ધા ભકિત સાથે જોડાયેલું છે. શાસ્ત્રોકત માન્યતા સાથે સામાજીક રીતિ રીવાજો પણ પર્વની ઉજવણી સાથે જોડાયેલા છે. ગાંધીનગરમાં જેમ રૂપાલની પલ્લીનું મહત્વ છે તેમ પાલજની હોળીમાં અનોખી શ્રધ્ધા જોવા મળે છે. પાલજમાં મહાકાલીના મંદિર પાસે વર્ષોથી ધગધગતા અંગારાઓ પર શ્રધ્ધાળુઓ ઉઘાડા પગે ચાલે છે. મનમાં અખૂટ શ્રધ્ધા સાથે અંગારામાં કુદી પડતા ભાવિકોને બાધા પુરી કરવાનું પણ સુકુન મળે છે. આમ પણ શ્રધ્ધા હોય ત્યાં પુરાવાની જરુર હોતી નથી. વર્ષોથી ચાલતી આવતી આ પ્રથા આજે પણ અતૂટ શ્રધ્ધાનું પ્રતિક બની છે.

પાલજ ગામના મહાકાલીના મંદિર પાસે હોળી પ્રગટાવીને નગરજનો આ તહેવારને મનાવે છે. દર વર્ષની જેમ આજે હોળીના દિવસે પણ આ ઉજવણી કરવામાં આવશે. ગામના રહેવાસીઓ હોળીના આગલા દિવસે મંદિર પાસે એક એક લાકડું મુકી આવે છે અને પછી ભેગા થઈ હોળીનો ઢગ બનાવે છે. હોળીના દિવસે સાંજે આખું ગામ મુર્હુત પ્રમાણે ભેગા થઈ મંદિર પાસે ચોકમાં ભેગા થાય છે. પરંપરા મુજબ ગામના ઘરમાં જેટલા પુરુષો હોય તે દરેક જારના સાંઠા ઉપર કાચી કેરી, કાચા રાયણના પત્તા, મહુડાની દોરીમાં ગુંથી માળા બનાવી સાંઠા સાથે બાંધી ઘરેથી નીકળે છે. ગામમાં કોઈ પણ નાત જાતનો ભેદભાવ રાખ્યા વગર દરેક હોળી દહનમાં જોડાય છે. ગામના મુખી દ્વારા મુર્હુત પ્રમાણે સૌ પ્રથમ હોળી પ્રગટાવવામાં આવે છે. હોળીની જવાળા પરથી આવતા વર્ષે વરસાદ કેવો રહેશે તે વર્તાય છે. ગુજરાતના દરેક ખૂણેથી પાલજની હોળીના દર્શનાર્થે ઘણા ભકતો આવે છે. ગામના યુવક મંડળ દ્વારા નિઃસ્વાર્થ ભાવે અંગારા બહાર કાઢી ગોઠવાય છે અને લગભગ રાત્રે ૧૧ વાગ્યે અંગારા પડે છે અન સૌ પ્રથમ પુજારી અને ત્યારબાદ શ્રધ્ધાળુઓ અંગારા પર ચાલે છે. ગામે ગામથી આવેલા શ્રધ્ધાળુઓ અંગારા પર ચાલીને તેમની માનતા કે શ્રધ્ધા પુરી કરે છે. હાલના દિવસોમાં આખી રાત મંદિર પાસે મેળો જામે છે. દૂર દૂરથી આવતા ભકતો માટે મંદિર દ્વારા ચા પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

## ગીફ્ટ સીટી કલબ પાસે એકટીવા સ્લીપ થતા પીડીપીયુની વિદ્યાર્થીનીનું મૃત્યુ

**કોલેજના ત્રણ મિત્રો એકટીવા પર આઈસ્ક્રીમ ખાવા જતા હતા ત્યાં રસ્તામાં અકસ્માત નડ્યો : બે ઘાયલ**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર નજીક આવેલી ગીફટ સીટી કલબ પાસે સવારના સમયે પીડીપીયુના ત્રણ વિદ્યાર્થી મિત્રો આઈસ્ક્રીમ ખાવા હેવમોર પાર્લર ખાતે જઈ રહ્યા હતા ત્યારે અચાનક એકટીવા સ્લીપ થતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એકટીવા પર સવાર ત્રણેય મિત્રો માર્ગ પર પટકાતા ત્રણેય ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં એક યુવતિ ફંગોળાઈને પટકાતા તેનું માથુ ડિવાઈડર સાથે અથડાયું હતું. જેને પગલે તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા કમકમાટીભર્યું મૃત્યું નિપજ્યું હતું. તો બીજી તરફ એકટીવા સવાર અન્ય બે મિત્રો ઘાયલ થતા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પીડીપીયુ ખાતે અભ્યાસ કરતી નૈસર્ગી પોતાની મિત્ર કાવ્યા કેતન ગાંધી રહે. પાલડી અને આદિત્યનાથ નારાયણ સિંહ સાથે એકટીવા પર પીડીપીયુથી ગીફટસીટી હેવમોર પાર્લર ખાતે આઈસ્ક્રીમ ખાવા જઈ રહ્યા હતા. એકટીવા આદિત્ય ચલાવી રહ્યો હતો, ત્યારે અચાનક ગીફટ સીટી કલબ પાસે એકટીવા સ્લીપ થતા ત્રણેય માર્ગ પર પટકાયા હતા. જેમાં નૈસર્ગીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જયારે કાવ્યા અને આદિત્યને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.બનાવને પગલે ગીફટસીટીની એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલીક ત્રણેય ને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જયાં ફરજ પરના ડોકટરે નૈસર્ગીને મૃત જાહેર કરી હતી. પીડીપીયુમાં અભ્યાસ કરતી આશાસ્પદ વિદ્યાર્થીનીનું અચાનક મૃત્યુના સમાચારથી સમગ્ર પીડીપીયુ કેમ્પસમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. બનાવ અંગે કાવ્યાની ફરીયાદ નોંધી ડભોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સે-૮ની સરકારી પ્રાથમિક શાળામાં સુલેખન સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૮માં સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શહેરની અલ્પ હ્યુમન બીઈંગ ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૯૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

શહેરના સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો પ્રોત્સાહિત થાય તથા તેમનામાં સુંદર અક્ષરનું મહત્વ કેળવાય તે હેતુથી આયોજિત કરાયેલ સુલેખન સ્પર્ધાના સમાપને સંસ્થાના પ્રમુખ અલ્પાબા પરમાર દ્વારા બાળકોને માર્ગદર્શન આપવમાં આવ્યું હતું. સ્પર્ધામાં બાળકોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેને વિવિધ ચાર ગૃપમાં વિભાજિત કરી યોજવામાં આવી હતી. દરેક ગૃપના વિજેતા બાળકોને પેન ચોપડાનું ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સિ.સિ.કા. મહિલા પાંખ દ્વારા હોળી પર્વની ઉજવણી

સિનિયર સિટિઝન કાઉન્સિલના કન્વીનર આશાબેન દોશી અને તેમના માર્ગદર્શન હેઠળ આશરે ૨૦ બહેનો એ મળીને સે-૬ તેમજ સે-૨૪/૨ સરકારી પ્રાથમિક શાળાના બાળકો સાથે હોળી પર્વની ઉજવણી કરી હતી. બાળકોને હોળીનું મહત્વ સમજાવી, હોળીના ગીતો ગવડાવી, અંગ કસરતો સાથે રમતો રમાડી, ખજૂર-ચણા અને ધાણીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. બંને શાળાના આશરે ૨૦૦ જેટલા બાળકોએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. શાળાના આચાર્ય સહિત શિક્ષકો દ્વારા પણ સાથ સહકાર મળ્યો હતો.

## વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સની ધરપકડ

શેરથા ગામેથી વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સને અડાલજ પોલીસે પકડી પાડ્યો છે. અડાલજ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સોમવારના રોજ બપોરે મળેલી બાતમીના આધારે પોલીસે શેરથા ઠાકોરવાસમાં રહેતા ભરત રામાજી ઠાકોરને મેલડી માતાજી મંદિર પાસેથી વરલી મટકાનો આંક લખતા પકડી પાડ્યો છે. પોલીસે આ શખ્સ પાસેથી વરલી મટકાનું સાહિત્ય અને રૂ.૮૧૦ રોકડા જપ્ત કરી તેની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગર સેકટર-૬ની પ્રખ્યાત ડિવાઈન જૂનિયર પ્રિસ્કૂલમાં હોળીની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ હોળીમાં ગુલાલ તથા રંગોથી આનંદ માણ્યો હતો તેમ ડિવાઈન જૂનિયરના સ્થાપક ગિરા ચૌધરીએ જણાવ્યું હતું.

## લીંબડીયા પ્રાથમિક શાળામાં આપત્તિ વ્યવસ્થાપનની જાણકારી અપાઈ



ગાંધીનગર તાલુકાની લીંબડીયા પ્રાથમિક શાળામાં ૧૯મી માર્ચ મંગળવારના રોજ એનડીઆરએફ (નેશનલ ડીઝાસ્ટર રીલીફ કોર્સ) ટીમ દ્વારા ભૂકંપ અને પૂર જેવી કુદરતી આપત્તિના સંજોગોમાં કેવી રીતે બચી શકાય તે માટેની આપત્તિ વ્યવસ્થાપનની ખૂબ જ સુંદર માહિતી આપી હતી. જેમાં લીંબડીયા શાળાના વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો, ગ્રામજનો, વાલીઓ તેમજ ગામના અગ્રણીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમજ આપત્તિ સમયે કેવા જરુરી પગલાં લેવા જરુરી છે તેની સંપૂર્ણ જાણકારીથી વાકેફ કર્યા હતા.

## રાંધેજામાંથી જુગાર રમતા ૪ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ખાતે ગ્રામ પંચાયત પાસે આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાઈ ગયા છે. પેથાપુર પોલીસે રૂ. ૪૪,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રાંધેજા ગામમાં ગ્રામ પંચાયત પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હોવાની બાતમી પેથાપુર પોલીસને મળી હતી. પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા પાના પત્તાનો જુગાર રમતા હાર્દિક સિંહ પ્રવિણસિંહ વિહોલ, કનુ અમાજી ઠાકોર, પંકજ ધુળાભાઈ પરમાર, અને નરેશ અમરતભાઈ પરમારનો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી રૂ.૧૦,૩૦૦ રોકડા, ૪ મોબાઈલ અને એક ટુ-વ્હીલર મળી કુલ રૂ. ૪૪,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અગોરા મોલ પાસે યુવકના હાથમાંથી મોબાઈલની લુંટ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક સરદાર પટેલ રીંગ રોડ પર અગોરા મોલ પાસે સર્વિસ માર્ગ પાસે રાત્રીના સમયે ચાલવા નીકળેલા સ્થાનિક યુવકના હાથમાંથી બાઈક ચાલક યુવકો મોબાઈલની લુંટ ચલાવી અંધકારમાં ગાયબ થઈ ગયા હતા. અડાલજ પોલીસે બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સુઘડ ગામની સીમમાં અગોરા મોલની બાજુમાં આવેલી પાર્શ્વનાથ એટલાન્ટીક પાર્કમાં રહેતા લોકેન્દ્ર અરવિંદ ત્યાગી ઉવ.-૨૮ નામના યુવાન દિલ્હી કાતે આઈટી કંપની ચલાવે છે. રવિવારના રોજ રાત્રીના ૯ વાગ્યના અરસામાં લોકેન્દ્ર જીમમાંથી કસરત કરી આવીને ઘરેથી રાત્રે ચાલવા માટે નીકળ્યો હતો. તે ફોન પર વાત કરી રહ્યો હતો તે સમયે અચાનક પાછળથી બાઈક પર ત્રણ સવારી યુવકો આવ્યા અને તેની નજીકથી બાઈકની પાછળ બેઠેલા યુવકે લોકેન્દ્રનો મોબાઈલ હાથમાંથી છીનવી લીધો હતો. બાઈક ફુલ સ્પીડમાં હોવાથી લોકેન્દ્ર બાઈક કે નંબર જાણી શકયો નથી. લોકેન્દ્રએ બે વર્ષ પહેલા સેમસંગ નોટ-૩ નીયો મોબાઈલ લીધો હતો તેની હાલની કિંમત રૂ.૮હજાર થવા જાય છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનોં નોંધી સીસીટીવી ફુટેજ મેળવી તપાસ આરંભી છે.

## @ગાંધીનગર

● આદ્યશકિત સાંસ્કૃતિક મંડળ સેકટર-૭-ડી દ્વારા આદ્યશકિત ચોકમાં સાંજે સાડા સાત વાગે હોળી પ્રગટાવવામાં આવશે. હોળી પ્રગટયા પછી ત્યાં પ્રસાદનું વિતરણ પણ થશે.

● આજે સે-૩- ન્યુ ખાતે સાંજે ૭.૩૦ કલાકે શોપિંગ નજીક હોળી પ્રગટાવાશે.

● હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીક અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે સે-૧૬માં પાટનગર યોજના ભવન સામે હેપ્પી ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન કોકીલાબેન પંચાલના નિવાસસ્થાન ૪૯, વૃંદાવન બંગ્લોઝ, કુડાસણ ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ‘બેટી બચાવો’ના સંદેશ સાથે યાત્રાએ નીકળેલા સાયકલ સવારો શહેરમાં

**કન્યાકુમારીમાં એકબીજાને મળેલા બંને સાયકલ સવારો દેશના તમામ રાજયો પસાર થઈને કાશ્મિર સુધી જશે : આઠ રાજયો પસાર કરી ગુજરાત પહોંચ્યા**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના આંગણે આજે બે અનોખા સાયકલ સવારો આવી પહોંચ્યા હતા. જેને નિહાળી દરેકને કૌતુક થવા પામ્યું હતું. પોતાની સાયકલ પર આગળ પાછળ રાષ્ટ્રધ્વજ તથા સાયકલના આગળના ભાગે ‘બેટી બચાવો’નો સંદેશ દર્શાવતા બોર્ડ સાથે શહેરના માર્ગો પર ફરતા આ બંને સાયકલ સવારો ચાર વર્ષની ભારત ભ્રમણની યાત્રાએ નીકળ્યા છે અને એક વર્ષ પૂર્વે કન્યાકુમારીથી પ્રારંભ થયેલી તેમની સાયકલ યાત્રા ૮ રાજયો પસાર કરી ગુજરાત સુધી આવી પહોંચી છે. તેમણે અંતિમ પડાવ કાશ્મિર નક્કી કર્યો છે જે સાથે તેઓ બેટી બચાવો માટે ‘સદી અભિયાન’ ચલાવી રહ્યા છે જે અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન હોવાનો તેમનો દાવો છે.

ભારતના બિહાર રાજયના પાટનગર પટનાના ૪૫ વર્ષીય મોહંમદ જાવેદ અને ઝાંસીના અનુરાગ સિંહે તેમની ભારતભ્રમણ સાયકલ યાત્રા ગત વર્ષે ૨૦૧૮માં પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીએ કન્યાકુમારીથી શરુ કરી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે ત્યાં સુધી બંને એકબીજાને ઓળખતા સુધ્ધાં નહોતા પરંતુ સંજોગવશાત બંને કન્યાકુમારીમાં એકબીજા સાથે મળ્યા અને બંનેનો ધ્યેય એક જ હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત બેટી બચાવો આંદોલનનો દેશભરમાં પ્રચાર કરવો અને કન્યા ભ્રુણ હત્યા અટકાવવા જાગૃતિ કેળવવી. બંનેએ નક્કી કર્યુ કે તેઓ સાથે દેશના તમામ રાજયોમાં સાયકલ યાત્રા કરી આ સંદેશ દેશભરમાં ફેલાવશે. અને બસ ત્યારથી બંને નીકળી પડયા છે. અત્યાર સુધીમાં તેઓ પોંડિચેરી, તામિલનાડુ, કેરળ, કર્ણાટક, તેલગાંણા, ગોવા, મહારાષ્ટ્ર અને સેલવાસ થઈને હવે ગુજરાતમાં આવ્યા છે. તેમણે ૨૦૨૨માં પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીએ કાશ્મિર પહોંચવાનો લક્ષ્યાંક રાખ્યો છે જે પહેલા તેઓ દેશના તમામ રાજયોમાં ફરશે. તેઓ તમામ રાજયોમાં ઓછામાં ઓછા ૧૦ જિલ્લા અને તેના તાલુકાઓમાં ફરે છે. તેઓએ અત્યાર સુધીમાં ૨ લાખ જેટલી સહી એકત્ર કરી છે અને ૧૮ લાખ જેટલી સહી એકત્ર કરવાનું તેમનું લક્ષ્ય છે. આ સાથે તેઓ પર્યાવરણ જાગૃતિનો પણ સંદેશ ફેલાવી રહ્યા છે.

સાયકલિસ્ટ મોહમદ જાવેદે જણાવ્યું હતું કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી ખૂબ પ્રભાવિત છે અને તેમના ‘બેટી બચાવો-બેટી પઢાવો’ અભિયાનથી પ્રેરિત થઈ દેશભરમાં જાગૃતિ ફેલાવવાના નિશ્ચય સાથે નીકળ્યા છે. તેઓ વ્યવસાયે શિક્ષક છે અને સાથે સાથે પર્યાવરણ જાગૃતિ અંતર્ગત તેઓ ૧૦ હજાર જેટલાં વૃક્ષો વાવી ચુકયા હોવાનો પણ દાવો કરી રહ્યા છે.



### ગુજરાતમાં ખૂબ સારો આવકાર મળ્યો

સાયકલિસ્ટ મોહંમદ જાવેદે જણાવ્યું હતું કે તેઓ દેશના અનેક ભાગોમાં ફર્યા પરંતુ કર્ણાટક અને ગુજરાતમાં અમને ખૂબ સારો આવકાર મળ્યો છે. ગુજરાતના સૌરાષ્ટ્રની મહેમાનગતિ કયારેય નહી ભૂલી શકાય. ગુજરાતમાં રામ રાજય જેવો વિકાસ છે. દેશમાં જો રામ રાજય આવશે તો ગુજરાતથી જ આવશે.

### ‘બેટી બચાવો’ માટે ૧૮ લાખ સહી એકત્ર કરવાનું અભિયાન

સાયકલિસ્ટ અનુરાગ સિંહે જણાવ્યું હતું કે ‘જો વડાપ્રધાન દિવસ રાત જોયા વગર આપણા માટે આટલું કામ કરી શકતા હોય તો આપણે કેમ જન જાગૃતિ માટે સમય ના આપી શકીએ? દેશમાં દિકરીઓની ગર્ભમાં હત્યા કરાય છે તે એક દૂષણ છે. જે અંગે વડાપ્રધાને શરુ કરાવેલ અભિયાનથી તેઓ પ્રેરિત થઈ ચાર વર્ષની સાયકલ યાત્રાએ નીકળ્યા છે અને નાગરિકોને મળી બેટી બચાવો સંદેશ આપી તેમની સંમતિ માટે સહી એકત્ર કરે છે. અત્યાર સુધીમાં ૨ લાખ જેટલી સહીઓ થઈ છે અને આ અભિયાનના અંત સુધીમાં ૧૮ લાખ જેટલી સહી એકત્ર કરી વડાપ્રધાનને પહોંચાડીશું. આ સૌથી મોટું સહી અભિયાન છે.’

## ચિરવિદાય

- સ્વ. પટેલ જીવાભાઈ રામજીભાઈ, ઉ.વ. ૭૯
- સ્વ. રાજપુત પ્રતાપસિંહ તેજસિંહ, ઉ.વ. ૫૯
- સ્વ. જાદવ શકરાભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૨
- સ્વ. નાડીયા જયંતિભાઈ ખોડાભાઈ, ઉ.વ. ૪૯
- સ્વ. સોની ચંદ્રકાન્ત પૂજાલાલ, ઉ.વ. ૮૧
- સ્વ. ઠાકોર રાંમાજી સોમાજી, ઉ.વ. ૭૮
- સ્વ. દંતાણી શિલ્પાબેન વિજયભાઈ, ઉ.વ. ૨૫
- સ્વ. ભીલ પાર્વતીબેન ઓખાજી, ઉ.વ. ૯૦